# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


=================================================================

**અખબારી યાદી** **તા. ૧૬-૧૦-૨૦૨૩**

- **સતત વધતા જતા કસ્ટોડીયલ ડેથ ગુજરાતની કાયદો વ્યવસ્થા અને પોલીસ તંત્રની અમાનવીય કામગીરીને ઉજાગર કરે છે.**
- **કસ્ટોડીયલ ડેથમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમાંકે: છેલ્લાં પાંચ વર્ષમાં પોલીસ કસ્ટડીમાં ૮૦ આરોપીનાં મોત.**
- **૨૦૧૯-૨૦ની તુલનાએ વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૪ મોત સાથે કસ્ટોડીયલ ડેથના કિસ્સાઓમાં બમણો વધારો**
- **ગુજરાતમાં 'માનવ અધિકારોનું' મોટાપાયે ઉલ્લંઘન અને સત્તાના દુરઉપયોગમાં રાચતી ભાજપ સરકારના શાસનમાં સતત વધી રહેલા કસ્ટોડીયલ ડેથ**
- **સુપ્રિમ કોર્ટના ૨૦૧૫ ના ચુકાદા પછી પણ રાજ્યમાં ૧૩૦ જેટલા પોલીસ સ્ટેશનમાં સી.સી.ટી.વી. કેમેરા આજદિન સુધી લગાવવામાં આવ્યાં નથી.**
- **કસ્ટોડીયલ ડેથના બનાવો ઉપર રોક લાગે તે માટે ગુજરાત સરકાર કાયદાકિય પુરતા પગલા ભરે તો જ માનવ અધિકારનું રક્ષણ થશે.**

ગુજરાતમાં 'માનવ અધિકારોનું' મોટાપાયે ઉલ્લંઘન અને સત્તાના દુરઉપયોગમાં રાચતી ભાજપ સરકારના શાસનમાં સતત વધી રહેલા કસ્ટોડીયલ ડેથ અંગે ગુજરાત લૉ-કમીશનનો અહેવાલ પોલીસ તંત્રની અમાનવીય કામગીરીને ઉજાગર કરે છે ત્યારે ભ્રષ્ટાચારમાં અવ્વલનંબર ગૃહ વિભાગ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે ગાંધી- સરદારના ગુજરાતમાં સતત વધી રહેલા કસ્ટોડીયલ ડેથના કિસ્સાઓ એ ગુજરાત માટે ચિંતાનો વિષય છે. સભ્ય સમાજ- (સિવિલ સોસાયટી) એ કાયદાના શાસન (RULE OF LAW)થી ચાલે છે. પરતું ભાજપ સરકારમાં થતા કસ્ટોડીયલ ડેથ એ 'AN ABUSE OF POWER'ને વારંવાર ખુલો પાડી રહ્યું છે. ગુજરાત લૉ-કમીશનના અહેવાલમાં સ્પષ્ટ પણે જણાવવામાં આવ્યું છે કે, પોલીસ તંત્રની કામગીરી પર વારંવાર પ્રશ્નાર્થ ઉભો થાય છે કારણ કે પોલીસ કર્મચારીઓ બેફામ રીતે સત્તાનો દુરુપયોગ કરી રહ્યાં છે અને રક્ષકને બદલે ભક્ષકની કામગીરી કરી રહ્યાં છે. ન્યાયતંત્રમાં વિશ્વાસ ટકી રહે તે માટે પણ તટસ્થ અને પારદર્શક તપાસ થવી જોઈએ. માનવ અધિકારનું સન્માન અને માવ અધિકારના ઉલ્લંઘનને રોકવા માટે માનવ અધિકાર કાયદાનો કડક અમલ થવો જરૂરી છે. માનવ અધિકારનું સન્માન એ સુશાસનના કેન્દ્ર સ્થાને હોવું જોઈએ. લોકતંત્રમાં રાજ્ય સરકારની જવાબદારી બને છે કે માનવ અધિકારનું સંરક્ષણ અને માનવ અધિકારને પ્રોસાહીત કરવાનું કામ રાજ્ય સરકારની જવાબદારી છે. રાજ્ય સરકારે કસ્ટોડીયલ ડેથ રોકવા માટે પોલીસ તંત્રમાં સતત સુધારા પણ કરવા જોઈએ અને પોલીસ તંત્રને સંવેદનશીલ બનાવવું બંધારણીય જવાબદારી છે.

સુપ્રિમ કોર્ટના ૨૪ જુલાઈ ૨૦૧૫ના ચુકાદામાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા માટે આદેશ છતાં ગુજરાતમાં ૧૩૦ પોલીસ સ્ટેશનમાં આજદિન સુધી સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા નથી. સી.સી.ટી.વી. કેમેરા લગાવવાથી માનવ અધિકારના ઉલ્લંઘનને રોકી શકવામાં મદદ મળી શકે અને સત્તાધિશોને શિસ્ત જાળવવામાં મદદરૂપ થાય છે. સુપ્રિમકોર્ટના ચુકાદા પછી જો રાજ્ય સરકાર સી.સી.ટી.વી. કેમેરા લગાવ્યા હોત તો અનેક કિસ્સામાં કસ્ટોડીયલ ડેથ રોકી શકાયા હોત. ઘણાં કિસ્સામાં સી.સી.ટી.વી. કેમેરા લાગેલા હોવા છતાં કાર્યરત નથી તે ઘણી ચિંતાનો વિષય છે.

છેલ્લાં પાંચ વર્ષમાં પોલીસ કસ્ટડીમાં ૮૦ આરોપીનાં કસ્ટોડીયલ ડેથ સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમાંકે છે. પોલીસ ટોર્ચર, સમયસર મેડીકલ ટ્રીટમેન્ટ ન મળે સહિતના કારણોને કારણે આરોપીઓનાં મોત થયા છે. ગુજરાતમાં સતત 'માનવ અધિકારોનું' મોટાપાયે ઉલ્લંઘન થઈ રહ્યું છે જે ચિંતાનો વિષય છે. વર્ષ ૨૦૨૨માં જ ગુજરાતમાં સૌથી વધુ ૨૪ મોત પોલીસ કસ્ટડીમાં થયા છે. નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન (એનએચઆરસી)ના રિપોર્ટમાં કસ્ટોડીયલ ડેથના આંકડાઓએ ભાજપ સરકારના ગૃહ વિભાગના સત્તાવાળાનો અસંવેદનશીલ - અમાનવીય ચહેરો ખુલ્લો કરે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૪, વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૩, વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૨ અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૪ કસ્ટોડીયલ ડેથની ઘટના બની છે, કોરોનાકાળના વર્ષ ૨૦૧૯-૨૦માં કસ્ટોડીયલ ડેથની ઘટનાઓની તુલનામાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૪ ઘટનો સાથે કસ્ટોડીયલ ડેથના કિસ્સાઓમાં બમણો વધારો થયો છે.

ભાજપ સરકાર ‘MAY I HELP You?’ની જાહેરાતોના બોર્ડ લગાવે છે પરતું વાંચવામાં સારા લાગતા સુત્રોને હકીકતમાં પોલીસ સ્ટેશનમાં ‘MAY I HELP You ?’સુત્રનો અહેસાસ થાય એ જરૂરી છે. કસ્ટોડીયલ ડેથના નોંધાયેલા કેસોમાં કેટલાક કિસ્સામાં પોલીસ દ્વારા મારવા- ટોર્ચર, જ્યારે કેટલાક કિસ્સામાં બીમારી સહિત વિવિધ કારણસર મોત કારણે આરોપીનો જીવ ગયો છે.

| **ક્રમ** | **રાજ્ય** | **પાંચ વર્ષમાં વિવિધ રાજ્યોમાં થયેલ કસ્ટોડીયલ ડેથમાં આંકડા** |
|---|---|---|
| ૧ | ગુજરાત | ૮૦ |
| ૨ | મહારાષ્ટ્ર | ૭૬ |
| ૩ | ઉત્તરપ્રદેશ | ૪૧ |
| ૪ | તમિલનાડુ | ૪૦ |
| ૫ | બિહાર | ૩૮ |

| **ક્રમ** | **વર્ષ** | **ગુજરાતમાં થયેલા કસ્ટોડીયલ ડેથમાં** |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૧૪ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૩ |
| ૩ | ૨૦૧૯-૨૦ | ૧૨ |
| ૪ | ૨૦૨૦-૨૧ | ૧૭ |
| ૫ | ૨૦૨૧-૨૨ | ૨૪ |

હિરેન બેન્કર,
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ.
૯૭૨૩૫૫૦૩૫૫

નોંધઃ લો-કમીશનનો રીપોર્ટ આ સાથે સામેલ છે.